મઉમશબ/ક-૧/ કસોટી/ ૨૦૨૧/૯૨૩
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,સેક્ટર- ૧૦/બી.
સચિવાલય પાસે,ગાંધીનગર.
તા.૨૨/૦૯/૨૦૨૧

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય: ધોરણ-૦૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષાના આયોજન અને અમલીકરણ અંગે
સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્માંક: બમશ/૧૧૨૦/૧૪૨/છ તા.૧૨/૦૨/૨૦૨૦
(૨) મઉમશબ/સંશોધન/૨૦૨૧/૪૩૪૧-૮૪ તા.૦૮/૦૯/૨૦૨૧

જયભારત સાથે ઉપરોક્ત વિષય અંતર્ગત જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્ર (૧) અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ થી ૧૨ માટે સંદર્ભ દર્શિત ઠરાવ (૧) મુજબના વિષયોની દર માસે એકમ કસોટી અને પ્રથમ પરીક્ષા, દ્વિતીય પરીક્ષા (પ્રિલીમ પરીક્ષા) તેમજ ધોરણ ૯ અને ૧૧ ની વાર્ષિક પરીક્ષા ના પ્રશ્નપત્રો અને સમયપત્રક બોર્ડ દ્વારા જિલ્લા કક્ષાએ મોકલવામાં આવશે. તે સિવાયના વિષયોની ઉપરોક્ત કસોટી/પરીક્ષાના પ્રશ્નપત્રો અને સમયપત્રકનું આયોજન સ્થાનિક કક્ષાએ નિયત કરવાનું રહેશે.

સંદર્ભ દર્શિત પત્ર (૨) અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ ના શૈક્ષણિક કેલેન્ડર મુજબ ચાલુ વર્ષે તા.૧૮/૧૦/૨૦૨૧ થી તા.૨૭/૧૦/૨૦૨૧ દરમિયાન શાળાઓએ ધોરણ ૯ થી ૧૨ ની પ્રથમ પરીક્ષા લેવાની થાય છે.

આમ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ શાળાઓએ (સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી) ઉક્ત પ્રથમ પરીક્ષા અંગે નીચેની સૂચનાઓ ધ્યાને લઈ આયોજન હાથ ધરવાનું રહેશે.

<u>સૂચનાઓ:-</u>

- શાળાઓએ ધોરણ ૯ થી ૧૨ ની પ્રથમ પરીક્ષા તા.૧૮/૧૦/૨૦૨૧ થી ૨૭/૧૦/૨૦૨૧ દરમિયાન યોજવાની રહેશે.
- શિક્ષણ વિભાગના ઠરાવ ક્માંક: બમશ/૧૧૨૦/૧૪૨/છ તા.૧૨/૦૨/૨૦૨૦ મુજબ ધોરણ ૯ અને ૧૦ માટે ગુજરાતી (F.L/S.L), ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન, ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે અંગ્રેજી (F.L/S.L), ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિત તેમજ ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ માટે અંગ્રેજી (F.L/S.L), નામાના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિષયોની પરીક્ષાના પ્રશ્નપત્રો અને સમયપત્રક અત્રે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવશે.

- ધોરણ ૯ થી ૧૨ માટે ઉપરોક્ત મુદ્દામાં દર્શાવેલ વિષયો સિવાયના વિષયો (કે જેના પ્રશ્નપત્રો બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવનાર નથી તેવા વિષયો) ના પ્રશ્નપત્રો અને સમયપત્રક શાળા કક્ષાએ/SVS કક્ષાએ તૈયાર કરવાના રહેશે.
- પ્રથમ પરીક્ષા માટે બોર્ડ દ્વારા તૈયાર કરેલ સમયપત્રક આ સાથે બિડાણ (૧) માં સામેલ છે. તે મુજબ બોર્ડ દ્વારા નિયત વિષયો માટે જે તારીખ અને સમય લખેલ છે તે મુજબ સમગ્ર રાજ્યમાં એક સાથે એકસૂત્રતા પૂર્વક આયોજન અને અમલીકરણ કરવાનું રહેશે.
- આ સિવાયના વિષયો માટેનું આયોજન SVS કક્ષાએ નક્કી કરવાનું રહેશે. દા.ત. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે બોર્ડ દ્વારા નિયત વિષયો માટે તારીખ અને સમય દર્શાવેલ છે અને બાકીના વિષયો "XXXX" દર્શાવેલ ખાનામાં SVS સંકુલ પોતાના આયોજન મુજબ વિષયો ગોઠવવાના રહેશે. તેમજ બિડાણ (૧)માં સમયપત્રકની નીચે આપેલી સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.
- ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ માટે બિડાણ (૧) માં દર્શાવેલ સમયપત્રકમાં જે-તે વિષય જૂથમાં બોર્ડ દ્વારા તૈયાર થતા પ્રશ્નપત્રો સિવાયના વિષયો વિદ્યાર્થીએ રાખેલ હોય તેવા વિષયોની પરીક્ષા જ્યાં "XXXX" નિશાની દર્શાવેલ છે ત્યાં શાળા કક્ષાએ/SVS કક્ષાએ આયોજન કરી વિષયો સમયપત્રકમાં સામેલ કરવાના રહેશે.
- બોર્ડ દ્વારા લેવાનારા વિષયોની પ્રથમ પરીક્ષા સંદર્ભે જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી એક નોડલ અધિકારી (વર્ગ-૨) ની નિમણૂક કરવાની રહેશે. આ નોડલ અધિકારી ધોરણ ૯ થી ૧૨ની તમામ એકમ કસોટી, પ્રથમ અને દ્વિતીય પરીક્ષા તેમજ ધોરણ ૯ અને ૧૧ ની વાર્ષિક પરીક્ષા માટેના નોડલ અધિકારી ગણાશે.
- નોડલ અધિકારીએ પોતાના ગોપનીય e-mail address અલગથી બનાવવાના રહેશે. જેનો ઉપયોગ માત્રને માત્ર પરીક્ષાના સંચાલન માટે કરવાનો રહેશે. તેવી જ રીતે નોડલ અધિકારીએ SVS કન્વીનરને ગોપનીય e-mail address બનાવવા સૂચના આપવાની રહેશે જેનો ઉપયોગ માત્ર ને માત્ર કસોટી/પરીક્ષા પૂરતો જ કરવાનો રહેશે.
- શિક્ષણ વિભાગના ઠરાવમાં દર્શાવેલ વિષયોના ગુજરાતી/હિન્દી/અંગ્રેજી (GHE) ભાષામાં પ્રશ્નપત્રોની સીલબંધ સોફ્ટ કોપી પરીક્ષાના ૧૨ દિવસ આગાઉ તા.૦૫/૧૦/૨૦૨૧ના રોજ તમામ જિલ્લાના નોડલ અધિકારીને રૂબરૂમાં આપવામાં આવશે. આ માટે નોડલ અધિકરીઓની મીટીંગ અને પ્રશ્નપત્ર સ્વીકારવા માટે તા.૦૫/૧૦/૨૦૨૧ના રોજ ૧૧:૦૦ કલાકે બોર્ડની કચેરીએ ઉપસ્થિત રહેવું.
- બોર્ડ દ્વારા નિયત વિષયોની પ્રથમ પરીક્ષા માટે માત્ર બોર્ડ દ્વારા તૈયાર કરેલ પ્રશ્નપત્રોનો ઉપયોગ કરવાનો રહેશે, અન્ય પ્રશ્નપત્રોનો ઉપયોગ કરી શકાશે નહી. તેમજ બોર્ડ દ્વારા નિયત

વિષયોની પ્રથમ કસોટી માટે બોર્ડ દ્વારા નિયત સમયપત્રકને અનુસરવાનું રહેશે. તેમાં સ્થાનિક ફેરફાર કરી શકાશે નહી, જેની ખાસ નોંધ લેવી.

- ધોરણ ૯ થી ૧૨ની પ્રથમ કસોટીના પ્રશ્નપત્રો બોર્ડ દ્વારા નિયત પ્રથમ પરીક્ષાના પ્રશ્નપત્ર પરીરૂપ મુજબ અને જૂન થી સપ્ટેમ્બર માસ સુધીના અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર કરેલા હશે. વર્ષ-૨૦૨૦-૨૧ ના ઘટાડેલા ૭૦% અભ્યાસક્રમ ધ્યાને લેવાનો નથી પરંતુ જુન થી સપ્ટેમ્બર માસનો ૧૦૦% અભ્યાસક્રમ ધ્યાને લેવાનો રહેશે. ધોરણ ૯ થી ૧૧ (તમામ પ્રવાહ) અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ માટે ૨૦% હેતુલક્ષી પ્રશ્નો અને ૮૦% વર્ણનાત્મક પ્રશ્નો રહેશે. જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ૫૦% MCQ અને ૫૦% વર્ણનાત્મક પ્રશ્નો રહેશે (બોર્ડના નિયત કરેલ પ્રશ્નપત્રના પરિરૂપ મુજબ).
- ધોરણ-૦૯, ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાનપ્રવાહ ના પ્રશ્નપત્ર ૫૦ ગુણ અને સમય ૦૨ કલાકનો રહેશે. જ્યારે ધોરણ-૧૦ના પ્રશ્નપત્ર ૮૦ ગુણ અને સમય ૦૩ કલાકનો રહેશે. તથા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહના પ્રશ્નપત્રો ૧૦૦ ગુણ અને સમય ૦૩ કલાકનો રહેશે.
- શિક્ષણ વિભાગના ઠરાવમાં દર્શાવેલા વિષય સિવાયના પ્રશ્નપત્રો (કે જેના પ્રશ્નપત્રો બોર્ડ દ્વારા મોકલવામાં આવનાર નથી) બોર્ડના પ્રથમ પરીક્ષાના પરિરૂપ મુજબ જ તૈયાર કરવાના રહેશે અને તે વિષયના પ્રશ્નપત્રો SVS/જિલ્લા કક્ષાએ તૈયાર કરવાના રહેશે.
- તા:-૧૨/૦૨/૨૦૨૦ના શિક્ષણ વિભાગના ઠરાવના મુદ્દા નંબર ૧૧ માં જણાવ્યા મુજબ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીએ પ્રશ્નપત્રો છપાવીને શાળાઓને મોકલવાના છે અને તે અંગેનો ખર્ચ સંસ્થાઓએ (શાળાઓએ) ચૂકવવાનો રહેશે.
- જિલ્લા કક્ષાએ એકમ કસોટીઓ અને પ્રથમ/દ્વિતીય/વાર્ષિક પરીક્ષા માટે યોજાનાર પરીક્ષા સંબંધે એક પરીક્ષા સમિતિનું ગઠન કરવાનું રહેશે. જેથી સંચાલનમાં એકરૂપતા, ગોપનીયતા અને સુવ્યવસ્થા જળવાઇ રહે. આ સમિતિમાં શિક્ષણ સેવા વર્ગ-૦૨ થી ઉતરતા ન હોય તેવી કક્ષાના (કુલ-૨) અધિકારી, હિસાબી અધિકારી (વર્ગ-૨/વર્ગ-૩) અને જે-તે જિલ્લાના પ્રતિષ્ઠિત શિક્ષણવિદ સભ્ય તરીકે રહેશે. જેના અધ્યક્ષ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી રહેશે. આમ પાંચ સભ્યોની સમિતિ બનાવવાની રહેશે. આ સમિતિએ ધોરણ ૯ થી ૧૨ ની તમામ એકમ કસોટીઓ, પ્રથમ અને દ્વિતીય પરીક્ષા તેમજ ધોરણ ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાના આયોજન અને અમલીકરણ સંદર્ભે સમગ્ર કાર્યવાહીનું માર્ગદર્શન અને નિરીક્ષણની જવાબદારી નીભાવવાની રહેશે.
- રાજ્યની તમામ સંસ્કૃત પાઠશાળાઓમાં પણ પ્રથમા-૧, પ્રથમા-૨, મધ્યમા-૧ અને મધ્યમા-૨ના તમામ વિદ્યાર્થીઓની માસિક એકમ કસોટીઓ, પ્રથમ પરીક્ષા, દ્વિતીય પરીક્ષા અને વાર્ષિક પરીક્ષા (પ્રથમા-૧ અને મધ્યમા-૧ ની વાર્ષિક પરીક્ષા) બોર્ડના સમયપત્રક મુજબ પાઠશાળા કક્ષાએ લેવાની રહેશે તેમજ તેના આધારભૂત પુરાવા રૂપ કસોટીના ગુણપત્રક અને જવાબવહીના દસ્તાવેજ પાઠશાળા કક્ષાએ સાચવી રાખવાના રહેશે.

આમ, ગુ.મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ (વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, ઉત્તરબુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહની) શાળાઓએ તેમજ સંસ્કૃત પાઠશાળાઓએ પોતાના ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણ સંબંધી તમામ વિષયોની પ્રથમ પરીક્ષા તા.૧૮/૧૦/૨૦૨૧ થી ૨૭/૧૦/૨૦૨૧ દરમિયાન આ પરિપત્ર મુજબ યોજવાની રહેશે અને યોજેલ પ્રથમ પરીક્ષાના ગુણપત્રક અને જવાબવહીના દસ્તાવેજ શાળા કક્ષાએ સાચવવાના રહેશે.

આ પરિપત્રના અનુસંધાને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કક્ષાએથી યોગ્ય વ્યવસ્થાપન કાર્યરીતિ અને આયોજન હાથ ધરવા વિનંતી છે.

પરીક્ષા સચિવ
ગુ.મા.અને.ઉ.મા.શિ.બોર્ડ
ગાંધીનગર
(SSC)

ડૉ.અવનીબા મોરી
નાયબ નિયામક (પરીક્ષા)
ગુ.મા.અને.ઉ.મા.શિ.બોર્ડ
ગાંધીનગર
(સા.પ્ર)

નાયબ નિયામક (પરીક્ષા)
ગુ.મા.અને.ઉ.મા.શિ.બોર્ડ
ગાંધીનગર
(વિ.પ્ર)

<u>બિડાણ:-</u>

પ્રથમ પરીક્ષાનો કાર્યક્રમ

<u>સવિનય નકલ રવાના જાણ સારૂં:-</u>

(૧) માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
(૨)માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) માન.નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી, વિદ્યાભવન, ગાંધીનગર
(૪) માન.સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
(૫) માન.સંયુક્ત નિયામકશ્રી, ગુ.મા. અને ઉ.મા, શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
(૬) માન.ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ધોરણ-09/10/11/12 પ્રથમ પરીક્ષાનો કાર્યક્રમ ઓક્ટોબર-2021

| ધોરણ | ધોરણ 09 | ધોરણ 10 | ધો.11 વિજ્ઞાન પ્રવાહ | ધો.12 વિજ્ઞાન પ્રવાહ | ધો.11 સામાન્ય પ્રવાહ | ધો.12 સામાન્ય પ્રવાહ |
|---|---|---|---|---|---|---|
| તારીખ | સમય - 11 થી 13 કલાક (50 ગુણ) | સમય - 11 થી 14 કલાક (80 ગુણ) | સમય - 11 થી 13 કલાક (50 ગુણ) | સમય - 11 થી 14 કલાક (100 ગુણ) | સમય - 11 થી 13 કલાક (50 ગુણ) | સમય - 11 થી 14 કલાક (100 ગુણ) |
| 18/10/2021 સોમવાર | ગુજરાતી (પ્રથમ ભાષા)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) | ગુજરાતી (પ્રથમ ભાષા)<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) | ગણિત | ગણિત | અંગ્રેજી(૦૧૩)<br>અંગ્રેજી(૦૦૬) | અંગ્રેજી(૦૧૩)<br>અંગ્રેજી(૦૦૬) |
| 20/10/2021 બુધવાર | ગણિત | ગણિત | ભૌતિક વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | નામાના મૂળતત્વો<br>XXXX | નામાના મૂળતત્વો<br>XXXX |
| 21/10/2021 ગુરુવાર | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | વાણિજ્ય વ્યવસ્થા<br>XXXX | વાણિજ્ય વ્યવસ્થા<br>XXXX |
| 22/10/2021 શુક્રવાર | વિજ્ઞાન | વિજ્ઞાન | જીવ વિજ્ઞાન | જીવ વિજ્ઞાન | મનોવિજ્ઞાન<br>XXXX | મનોવિજ્ઞાન<br>XXXX |
| 23/10/2021 શનિવાર | XXX | XXX | અંગ્રેજી | અંગ્રેજી | આંકડાશાસ્ત્ર<br>XXXX | આંકડાશાસ્ત્ર<br>XXXX |
| 25/10/2021 સોમવાર | XXX | XXX | XXX | XXX | અર્થશાસ્ત્ર<br>XXXX | અર્થશાસ્ત્ર<br>XXXX |
| 26/10/2021 મંગળવાર | XXX | XXX | XXX | XXX | XXXX | XXXX |
| 27/10/2021 બુધવાર | XXX | XXX | XXX | XXX | XXXX | XXXX |

**સૂચનાઓ:-**

1. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નોંધાયેલ તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ ઉક્ત સમયપત્રક પ્રમાણે પરીક્ષા યોજવાની રહેશે અને પરીપત્રમાં આપેલ સૂચનાઓની અમલવારી કરવાની રહેશે. બોર્ડ તરફથી મોકલવામાં આવેલ પ્રશ્નપત્રોની તારીખ અને સમય સમગ્ર રાજ્યની શાળાઓ માટે એક જ રહેશે. આ વિષયોના પ્રશ્નપત્રોના સમય અને તારીખમાં સ્થાનિક કક્ષાએથી કોઇ ફેરફાર કરી શકાશે નહીં.

2. તારીખ 20/12/2020 ના શિક્ષણ વિભાગના ઠરાવમાં દર્શાવેલ વિષય સિવાયના વિષયના પ્રશ્નપત્રો શાળા કક્ષાએથી / SVS કક્ષાએથી બોર્ડના પરિરૂપ મુજબ તૈયાર કરવાના રહેશે.

3. પ્રથમ પરીક્ષામાં ધો.09 અને ધો.11 પ્રશ્નપત્ર 50 ગુણ અને બે કલાક તથા ધો.10નું પ્રશ્નપત્ર 80 ગુણ અને સમય ત્રણ કલાકનો રહેશે જ્યારે ધો.12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનુ પ્રશ્નપત્ર 100 ગુણ અને ત્રણ કલાકનું રહેશે.

4. વર્ષ 2021-22 માટે ધો.09 થી 12 ના અભ્યાસક્રમમાં કોઇપણ ઘટાડો થયેલ ન હોય પ્રથમ પરીક્ષા માટે જૂન થી સપ્ટેમ્બર સુધીનો 100% અભ્યાસક્રમ રહેશે.

5. કાર્યક્રમમાં XXXX ની નિશાની વાળી જગ્યાએથી બોર્ડ કક્ષાએથી આપવામાં આવેલ વિષયો સિવાયના વિષયોના પ્રશ્નપત્રનુ સમયપત્રક ગોઠવી શકશે ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ XXXX ની નિશાની વાળી જગ્યાએ જે તે જૂથના અન્ય વિષયોના પ્રશ્નપત્ર ગોઠવી શકાશે. આ અંગે SVS સંકુલના સંકલનમાં રહી આયોજન કરવાનું રહેશે

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/13735
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા.૨૮/૦૯/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, સુરત શહેર/જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિલ્લો-સુરત.